ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ- 2275/03/2024** **તા.01-04-2024**

## આજરોજ બનાસકાંઠાના વાવ ખાતે વિવિધ સમાજના આગેવાનો પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના વરદ હસ્તે ખેસ અને ટોપી ધારણ કરી ભારતીય જનતા પાર્ટીમા જોડાયા.

----

## આજે દેશની મહિલાઓ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમા સુરક્ષિત હોવાનો અનુભવ કરે છે. – શ્રી સી.આર.પાટીલ

----

## કોરોના કાળમા જો કોંગ્રેસના ધીમી ગતીના વડાપ્રધાન હોત તો હજી આપણને કોરોનાની રસી મળી ન હોત. – શ્રી સી.આર.પાટીલ

----

## રાજકીય પાર્ટીમા ભારતીય જનતા પાર્ટી એક એવી પાર્ટી છે જે જનસેવાના કાર્યોના વચન આપે છે તેને પુર્ણ કરે છે.– શ્રી રેખાબેન ચૌધરી

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તેમજ દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબની વિકાસ અને રાષ્ટ્રની નીતિથી પ્રેરાઇ તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની સંગઠન શક્તિથી અને ગુજરાતમા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની વિકાસના વિવિધ કાર્યોથી પ્રેરાઇને ને રાજકીય પાર્ટીના વિવિધ પદના હોદ્દેદારશ્રીઓ તેમજ સમાજના અગ્રણીશ્રીઓ જનસેવાકીય કાર્યકરવા માટે ભારતીય જનતા પાર્ટીમા જોડાઇ રહ્યા છે ત્યારે આજરોજ બનાસકાંઠાના વાવ ખાતે પૂવ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન શ્રી અમિરામભાઇ શંકરભાઇ આશલ , ઠાકોર દિનેશ ભાઈ રામચંદભાઈ , પ્રજાપતિ રામભાઈ ભાવાભાઇ સહિત વિવિધ સમાજના આગેવાનો પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના વરદ હસ્તે ખેસ અનો ટોપી ધારણ કરી ભારતીય જનતા પાર્ટીમા જોડાયા . આ પ્રસંગે જિલ્લાના

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રમુખશ્રી કિર્તિસિંહ વાઘેલા તેમજ રાજયસભાના પુર્વ સાંસદશ્રી દિનેશભાઇ અનાવાડીયાએ પ્રાસંગીક સંબોધન કર્યુ હતું.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે,આજે અહી મોટી સંખ્યામા કાર્યકર્તાઓ ભાજપમા જોડાયા છે જેનાથી ભાજપની તાકાત વધુ મજબૂત થશે. બનાસકાંઠાના વિકાસમા સૌથી વધુ યોગદાન આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાતની જનતાને પ્રાથમિક સુવિધા આપવાના કાર્યો કર્યા. આજે દેશની મહિલાઓ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમા સુરક્ષિત હોવાનો અનુભવ કરે છે. મહિલાઓને આજે લોકસભા અને રાજયસભામા પણ 33 ટકા અનામત આપવાનું કામ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યુ છે. આજે દેશનો યુવાન આત્મનિર્ભર બને અને જોબ ગીવર બને તે દિશામા મોદી સાહેબે કામ કર્યુ છે. કોઇ દેશના પ્રધાનમંત્રી કે રાષ્ટ્રપતીએ તેમના દેશના યુવાનો પર વિશ્વાસ નથી મુક્યો પણ આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશના યુવાનો પર વિશ્વાસ મુકી તેમને વગર વ્યાજની લોન મળે તે દિશામા પ્રયાસ કર્યા છે. દેશના ખેડૂતોના ખાતામા આજે સિધા રૂપિયા જમા થાય છે. ખેડૂતોને સરળતાથી ખાતર મળે,પાકનો સારો ભાવ મળે તે દિશામા કાર્ય કર્યુ છે. કોંગ્રેસની સરકારમા દેશમા ગરિબી દુર ન થઇ પણ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દસ વર્ષમા 25 કરોડ લોકોને ગરિબિ રેખાથી બહાર લાવ્યા છે.

શ્રી પાટીલજીએ વધુમા જણાવ્યું કે, ભાજપે 1980થી ચૂંટણી સંકલ્પ પત્રમા જે પણ વચનો આપ્યા તે તમામ કામો મોદી સાહેબે પુર્ણ કર્યા છે જેમા રામ મંદિર,કલમ 370, ત્રીપલ તલાક,ગરિબોને પાકુ ઘર,આયુષ્યમાન યોજના થકી ફ્રીમા સારવાર સહિતની ઘણા વચનો પુર્ણ કર્યા છે. દેશને સુરક્ષીત કરવાનુ કામ આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબે કર્યુ છે. આજે આંતકવાદની ઘટના દેશમા જોવા મળતી નથી. દેશના ધાર્મિક સ્થળોનો વિકાસ થયો છે. આજે દેશમા સાત એઇમ્સ હોસ્પિટલનુ લોકાર્પણ કરવામા આવ્યું છે તેમજ એક સાથે 15 એરપોર્ટનુ લોકાર્પણ કરી ઇતિહાસ રચ્યો છે.કોરોના કાળમા જો કોંગ્રેસના ધીમી ગતીના વડાપ્રધાન હોત તો હજી આપણને કોરોનાની રસી મળી ન હોત. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આપણા દેશના

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

વૈજ્ઞાનિકોને પ્રોત્સાહીત કરી એક નહી બે બે વેકસીન વિકસાવી દેશના લોકોને મફતમા વેક્સીન આપી છે. લોકસભામા દરેક બેઠક પર ઉમેદવાર પાંચ લાખથી વધુની લીડ સાથે જીતે તેવો મજબૂત પ્રયાસ કાર્યકર્તાઓ કરશે તેવો વિશ્વાસ છે.

આ પ્રસંગે બનાસકાઠાના લોકસભાના ઉમેદવારશ્રી રેખાબેને સંબોધન કરતા જણાવ્યું કે, લોકસભાના ઉમેદવાર તરીકે મારી પસંદગી કરવા બદલ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ,  દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબ તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ સહિત સમગ્ર નેતૃત્વની ટીમનો આભાર વ્યકત કરુ છું. આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમા દેશમા વિકાસના અનેક કાર્યો થઇ રહ્યા છે. રાજકીય પાર્ટીમા ભારતીય જનતા પાર્ટી એક એવી પાર્ટી છે જે જનસેવા કાર્યોના વચન આપે છે તેને પુર્ણ કરે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દરેક વર્ગના લોકોના હિતમા અનેક યોજનાઓ જાહેર કરી છે. બનાસકાંઠાની જનતા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના પાંચ લાખની લીડના સંકલ્પને પુર્ણ કરી કમળ દિલ્હી મોકલશે.

આ કાર્યક્રમમા જિલ્લાના પ્રમુખશ્રી કિર્તીસિંહ વાઘેલા, સાંસદશ્રી પરબતભાઇ પટેલ,ઉમેદવારશ્રી ડો.રેખાબેન ચૌધરી,ધારાસભ્યશ્રીઓ શ્રી કેશાજી ચૌહાણ,શ્રી અનિકેતભાઇ ઠાકર,શ્રી પ્રવિણભાઇ માળી,શ્રી માવજીભાઇ દેસાઇ,શ્રી અમિતભાઇ ઠાકર, જીલ્લા પ્રભારીશ્રી જયંતિભાઇ કવાડિયા,શ્રી પરેશભાઇ શાસ્ત્રી,પ્રદેશના મંત્રીશ્રી નૌકાબેન પ્રજાપતિ,શ્રી રાણાભાઇ દેસાઇ,પુર્વ ધારાસભ્યશ્રીઓ, સહિત જિલ્લાના અને પ્રદેશના હોદેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ડૉ.યજ્ઞેશ દવે**
**(પ્રદેશ મિડિયા કન્વીનર)**